# નૃત્ય અલંકારની પદવી ધરાવતા ભાવનગરનાં ડો. નીપા ઠક્કર

## શાસ્ત્રીય નૃત્ય કળામાં પારંગત ઠક્કર કુટુંબની દિકરી ડો. નીપા ઠક્કરની વાત

આજકાલ કાર્યાલય-ભાવનગર

સંગીત પરીક્ષામાં શ્રુજલ વઢેરાની સિદ્ધિ, તબલા વાદન ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનો જયેશ અંધારીયા, ચિકિલા ક્ષેત્રે વિરતી શાહની સિદ્ધિ. ભાવનગરનાં સ્થાનિક અખબારોમાં આ પ્રકારનાં સમાચારો પ્રસિદ્ધ થતા રહે છે. કલા, સાહિતત્ય અને શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા ભાવનગરમાં રાજવી કાળથી સ્થાપિત કલા વૈભવ, વર્તમાન પેઢી પણ માણી રહી છે. આ કલા વારસાની જાળવણી માટે એક ઠક્કર કુટુંબની વિગત અનુસાર બંસરી અને વાયોલીન વાદક ભાવનગરનાં સ્વ. અનંતરાય ઠક્કર (શાહબાઝ) એક અચ્છા લેખક, કવિ અને ગઝલકાર હતો, તેમનો 'પાલવ કિનારી' ગઝલ સંગ્રહ યાદગાર છે. માજીરાજ ગર્લ્સ સ્કુલમાં અ જમાનામાં શિક્ષણ તરીકે નૃત્ય નાટિકા, ગીતોની તર્જ તૈયાર કરનાર સ્વ. અનંતરાયે કલા સંસ્કારમાં સિંચન કરેલા.



ઠક્કર કુટુંબમાં કલાના આ સિંચન ઘરથી જ થયા હોય એમ તેમના પુત્ર સિદ્ધાર્થભાઈ ઠક્કર સંગીતજ્ઞ તરીકે નામના ધરાવે છે. ભાવનગરમાં થિયોસોફિકલ લોજ (હોલ) ખાતે દર માસે સંગીત રસીકોનાં યોજાતા 'સુરીલી સાંજ' કાર્યક્રમની શરૂઆત કરનાર ૬૬ વર્ષનાં સિદ્ધાર્થભાઈ આ કાર્યક્રમનાં નિયમિત ગાયક છે, તેમના ભાઈ સાહદેવભાઈ પણ સંગીત, સાહિત્ય અને ઉર્દુ સાહિત્યનાં ઉંડા અભ્યાસુ છે.

સિદ્ધાર્થભાઈની દિકરી ડો. નીપા ઠક્કરે આ કલા વારસાને ઉજાગર કરી કથ્થક નૃત્ય કળામાં નૃત્ય અલંકારની પદવી પ્રાપ્ત કરી છે. બાલમંદિરથી નૃત્યનાં કાર્યક્રમ રજૂ કરનાર નીપાએ ૧૧ વર્ષની ઉંમરે સુશ્રી મુરલીબેન મેઘાણી પાસે શાસ્ત્રીય કથ્થક નૃત્યની વિધિસર પ્રાથમિક તાલીમ અને કલા ક્ષેત્રે સસ્થાના કલાગુરૂ ધરમશીભાઈ શાહ પાસેથી ઉચ્ચ તાલીમ પ્રાપ્ત કરી નૃત્ય કલા સાથે શૈક્ષણિક કારકિર્દીનાં ઘડતરમા ધ્યાન આપી નીપાએ આયુર્વેદ ડોકટરની પદવી પણ પ્રાપ્ત કરી છે.

નીપા કહે છે "નૃત્ય કળા અદ્દભૂત અનુભૂતિ છે. ફક્ત શાસ્ત્રીય નૃત્ય જ નહીં આપણા પ્રાચિન કલા-સંગીતનાં સંસ્કાર ઉજાગર કરતા ગરબા, લોકનૃત્ય પણ આનંદદાયક છે. ૧૩ વર્ષની ઉંમરે ગરબા હરીફાઈમાં નૃત્ય નિદર્શિત કૃતિને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું, એ પ્રસંગ કલા ક્ષેત્રે ઉત્સાહ પ્રેરક હતો".

નૃત્ય અને સંગીતમાં દિન-પ્રતિદિન વિશેષ રૂચિ કેળવી શાસ્ત્રીય નૃત્ય સાથે લોક નૃત્યમાં પારંગત થવા સુશ્રી મુરલીબેન મેઘાણીનાં 'વેણુનાદ' ગૃપમાં જોડાઈ સુરત, અમદાવાદ, રાજકોટ, નડીઆદ, વડોદરા ખાતે લોકનૃત્યના કાર્યક્રમો રજૂ કર્યા. ડો. નીપા ઠક્કરને ૧૯૮૬મા અખિલ ભારતીય ગાંધર્વ મહા વિદ્યાલય મંડળ દ્વારા નૃત્ય વિશારદની ૮૭માં મંડળ દ્વારા શિક્ષા વિશારદની અને ૯૧માં નૃત્ય અલંકાર (માસ્ટર ડીગ્રી) એનાયત કરાઇ છે.

નૃત્ય કલા ક્ષેત્રે આગવી સિદ્ધિ હાંસલ કરનાર ડો. નીપા ઠક્કરે ગત વર્ષે ભાવનગર ખાતે યોજાયેલ ગૌરવ દિન પ્રસંગે નૃત્ય નિદર્શનની સેવા આપી મીરાબાઈનું અને તરાનાં નૃત્ય રજૂ કર્યું હતું. થિયોસોફિકલમા ૫૦મા 'સુરીલી સાંજ' ના કાયક્રમમા સ્તુતિ, તીનતાલ, તરાના, વસંત જેવી શાસ્ત્રીય નૃત્ય શૈલીની પ્રસ્તુતી પ્રશંસનીય હતી. મુંબઈ ખાતે ભાવનગરની કલા ગુર્જરી સંસ્થા દ્વારા 'સાજન બેહુ માડવે' નૃત્ય નાટિકા ભજવાઈ હતી, જેમાં નૃત્ય નિદર્શનનો પ્રયોગ જે ગુર્જરાતનો પ્રથમ પ્રયોગ હતો. નીપાએ શાસ્ત્રીય નૃત્ય સાથે અર્વાચીન ગરબા, રાજસ્થાની, પંજાબી, બંગાળી લોકનૃત્યનું અને એકટીવ કલા સંસ્થામાં અર્વાચીન ગરબાનું નૃત્ય નિદર્શન કર્યું છે, જે કૃતિઓ અનેક હરિફાઈમાં પ્રથમ સ્થાને રહી છે.

ભાવનગરની સુવિખ્યાત 'કલાક્ષેત્ર' સંસ્થામાં નૃત્ય શિક્ષિકા તરીકે છેલ્લા બાર વર્ષથી ભાવિ પેઢીને તાલીમ આપવા સાથે અનેક સ્ટેજ કાર્યક્રમો રજૂ કરનાર નીપાની ધામમા ગુરૂજીની પ્રેરણાથી જ કૃષ્ણ આરાધના, વિશ્વ શાંતી નૃત્ય નાટિકા ઉચ્ચકોટીની બની રહી હતી. નૃત્ય કલાના યાદગાર કાર્યક્રમો વર્ણવતા નીપા કહે છે, ૧૯૯૮માં રાજ્ય યુવક મહોત્સવમાં ભાવનગર, જુનાગઢ ખાતે પ્રથમ, બાદ રાજ્ય કક્ષાની હરીફાઈમા પ્રથમ ત્યારબાદ ચેન્નઈ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્તિનું હંમેશા ગૌરવ રહેશે. ઉપરાંત રાજ્ય સરકાર આયોજીત 'કલા કે કલાકાર' નૃત્ય સ્કીમ હેઠ પાલનપુર ખાતે યોજાયેલ તેમાં નૃત્ય પ્રદર્શનની અને સાપુતારા ખાતેના કાર્યક્રમનાં શ્રેષ્ઠ દેખાવની તક પણ યાદગાર બની રહી. નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમા વર્ષ ૨૦૦૨, ૦૪, ૦૫માં અનુક્રમે નવદુર્ગા, શિવતાંડવ અને રાજસ્થાની નૃત્ય પરનાં નિદર્શનની કૃતિઓ શ્રેષ્ઠ બની રહી હતી. નૃત્ય સાથે સંગીત પ્રત્યે લગાવ ધરાવતી નીપા ભાવનગરનાં નામાંકિત સંગીતજ્ઞ રસીકભાઈ અંધારીયાની સુપુત્રી શિલ્પાબેન અંધારીયા પાસે અને હાલ ડો. શ્રીમતિ ગોપા ચક્રવર્તી પાસે સંગીતની તાલીમ મેળવી રહી છે

નીપા કહે છે, મારી કારકિર્દીના ઘડતરમાં કલા ગુરૂ ધરમશીભાઈ શાહ, ઉદ્યોગપતિ નિશીથભાઈ મહેતા, સંતોષભાઈ કામદાર, ધારાસભ્ય મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા નાયબ માહિતી નિયામક યજ્ઞેશભાઈ આચાર્યનો ઉત્સાહપ્રેરક સહકાર પ્રાપ્ત થયો છે.

કલાનગરી ભાવનગરમાં કથ્થક નૃત્યમાં પારંગત ડો. નીપા ઠક્કર 'અમીતિયે' ગ્રુપનાં સહયોગથી મે માસમાં ફ્રાંસમાં નૃત્ય પ્રસ્તુતિ માટે જઈ રહ્યા છે.